



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૨ | ૩૧ જુલાઈ, ૨૦૧૮, મંગળવાર; અષાઢ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### અશક્તો અને અસહાયો માટે અનોખી ટીફીન સેવા

શહેરમાં વિવિધ ક્ષેત્રોમાં સત્‌કર્મો અવિરત ચાલે છે. અનોખી ભાત પાડતાં સેવાના કાર્યો આંખે ઉડીને વળગે છે. એમાનુ એક સેવાકાર્ય એટલે અશક્તો માટેની ટીફીનસેવા શિરમોર સેવા પ્રવૃત્તિ ગણી શકાય એમ છે. સશક્ત માણસ સ્વાભાવિક જ કોઈની સેવા સ્વીકારવામાં હિચકિચાટ અનુભવે પરંતુ વ્યક્તિ જ્યારે અશક્ત બને છે ત્યારે કોઈની સેવા મને કમને સ્વિકારવાની ફરજ પડે છે.

શહેરના અશક્તો કેવી રીતે ભોજન કરતા હશે, ક્યાં ભોજન કરતા હશે, કોણ ભોજન બનાવતુ હશે અને માત્ર અશક્તોની જ વાત નથી, એકલતામાં જીવતા, નિઃસંતાન વિધુર કે વિધવા, સામાજિક કારણોસર એકલા રહેવાની ફરજ પડતા એકલા રહેતા વડીલો આ બધાની ભોજન અંગેની ચિંતા એક સેવાભાવીને થઈ. તેમણે તેમના નિકટના સેવા નિવૃત્ત મિત્રને બોલાવી અશક્તો અને એકલતામાં જીવન વિતાવતા લોકો માટે ભોજનની વ્યવસ્થા ગોઠવવાનો વિચાર વ્યક્ત કરી તે ગોઠવવા જણાવ્યુ અને ઘડીનોય વિલંબ કર્યા વિના સેવાનિવૃત્ત મિત્રે આ વિચારને વધાવી લઈ કામ શરૂ કર્યુ.

એકજ અઠવાડિયામાં પ્રાથમિક સર્વેના આધારે પચાસથી પંચાવન નામ-સરનામા પ્રાપ્ત થયા અને રસોડુ શરૂ થયુ, ટીફીનો ભરાવવા લાગ્યા અને આજે નેવુ જેટલા વડીલોને ત્યાં બપોરે બારના ટકોરે ટીફીન પહોંચી જાય છે. છ રોટલી અને દાળ-ભાત-શાક તો ક્યારેક કઠોળ, ક્યારેક છાશ, તો ક્યારેક ફરસાણ અને ક્યારેક મિઠાઈ પણ ખરી. કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રચાર નહી કરવાના નેમ સાથે આરંભાયેલી ટીફીન સેવા અસહાય અને અશક્ત વડીલો માટે આશીર્વાદ બની છે. દર ત્રણ દિવસે સીધુ સામાન ખરીદવાની કપરી કામગીરી પણ થાય છે. રસોઈયા અને બે હેલ્પરના નાનકડા સ્ટાફ દ્વારા તૈયાર કરાતી રસોઈને ટીફીનમાં ભરી ઘરે ઘરે પોતાની ગાડીમાં પહોંચાડવાની કપરી કામગીરી કરનાર નટુભાઈ પટેલને આદરપૂર્વક સલામ કરીએ તથા આ સેવા પ્રવૃતિતના પ્રેરક અને પોષક કમલાપૂંજ સેવાટ્રસ્ટના અંબુસિંહ ગોલ અને પ્રેમલસિંહ ગોલની બાંધવ બેલડીના વિચારને વધાવી તેમની પીઠ થાબડીએ.

કોઈકની ઉણપ કે ઓછપ પૂરી કરવાની ભાવના સાતત્યપૂર્ણ ચાલે ત્યારે તેને સલામ કરવાનુ મન થાય છે. આ અનોખી ટીફીન સેવાના માધ્યમથી વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરનાર ત્રણેય સેવાપ્રવૃત્તીઓને અંતરના ઉમળકાથી વંદન છે, અભિનંદન છે.

# આસામના એનઆરસીનો ફાઈનલ ડ્રાફ્ટ જાહેર

**સંસદમાં હોબાળો : ૪૦ લાખ લોકોની નાગરિકતા ગેરકાયદે જાહેર : માન્ય નાગરિકતા માટે ૩ કરોડ ૨૯ લાખ ૯૧ હજાર ૩૮૪ લોકોએ અરજી કરી હતી : ગેરકાયદેસર રીતે રહેતાં લોકોની થશે ઓળખાણ, યાદીમાં જેમના નામ નહીં તેને ફરી તક મળશે**



નવીદિલ્હી,તા. ૩૦

આસામમાં આજે જારી કરવામાં આવેલા નેશનલ રજિસ્ટ્રર ઓફ સિટિઝનના ફાઈનલ ડ્રાફ્ટ ઉપર રાજકીય ઘમસાણ મચી ગયું છે. તૃણમુલ કોંગ્રેસના સભ્યોએ યાદીમાં ૪૦ લાખ લોકોના બહાર હોવાને લઈને રાજ્યસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો જેના પરિણામ સ્વરુપે કાર્યવાહી બે વખત મોકુફ કરવાની ફરજ પડી હતી. લોકસભામાં પણ વિપક્ષી સભ્યોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે લોકસભામાં નિવેદન આપીને કહ્યું હતું કે, આ મુદ્દા ઉપર ધાંધલ ધમાલ કરવાની જરૂર નથી. જેનું પણ નામ ડ્રાફ્ટમાં નથી તેને દાવા કરવા માટે પુરતી તક મળશે. રાજનાથસિંહે કહ્યું હતું કે, જે ડ્રાફ્ટ છે તે અંતિમ નથી. ત્યારબાદ પણ દાવા કરવામાં આવી શકે છે. જે લોકોને લાગે છે કે, તેમનું નામ આમા હોવું જોઈએ તે એનઆરસીમાં દાવા કરી શકે છે.

**જે લોકોના નામ ડ્રાફ્ટમાં નથી તે લોકોને પુરતી તક મળશે : રાજનાથ**

● અનુસંધાન પાન-૭ પર

### ઈમરાન ખાન ૧૧મીએ શપથ ગ્રહણ કરશે

ઈસ્લામાબાદ,તા.૩૦

ઈમરાન ખાને કહ્યું કે, તેઓ ૧૧ ઓગસ્ટના રોજ વડાપ્રધાન પદના શપથ લેશે. રેડિયો પાકિસ્તાને આ વાતનો દાવો કર્યો છે. એવું માનવામાં આવે છે કે, ૪ પાર્ટી - મુતાહિદા કોમી મૂવમેન્ટ - પાકિસ્તાન (એમક્યૂએમ-પી), ધ ગ્રાન્ડ ડેમોક્રેટિક અલાયન્સ (જીડીએ), પીએમએલ-કેદ (પીએમએલ-ક્યૂ) અને બલૂચિસ્તાન અવામી પાર્ટી સહિત નિર્દળીય સાંસદ ઈમરાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઇ)ને સમર્થન આપી શકે છે. પીટીઆઈની પાસે નેશનલ એસેમ્બલીની ૧૧૬, પીએમએલ-એનની ૬૪ અને પીપીપીની પાસે ૪૩ સીટો છે. સરકાર બનાવવા માટે ૧૩૭ સીટો જોઈએ.

મજબૂત વિપક્ષ માટે પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (પીએમએલ-એન) અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)એ ગઠબંધનની જાહેરાત કરી છે. આ પહેલાં ૨૦૦૨ની ચૂંટણી બાદ પીએમએલ-એન અને પીપીપીએ સરકાર વિરોધ ગઠબંધન બનાવ્યું હતું.

# ઉત્તરપ્રદેશમાં મહાગઠબંધનને આખરી ઓપ

**કોંગ્રેસ પાર્ટીને ખુબ ઓછી સીટો મળી શકે છે : ધારણા પ્રમાણે બહુજન સમાજવાદી પાર્ટીને સૌથી વધારે લાભ : ગઠબંધનના ચાર પક્ષની સહમતિ બાદ યાદી જાહેર કરી**

વારાણસી,તા. ૩૦

લોકસભાની ચૂંટણીની તૈયારીમાં રહેલા વિપક્ષો મહાગઠબંધન માટે સીટની વહેંચણીની પ્રક્રિયાને લગભગ પૂર્ણ કરી લીધી છે. ધારણા પ્રમાણે જ બહુજન સમાજવાદી પાર્ટી, સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને આરએલડી સાથે મળીને મહાગઠબંધનના ભાગરૂપે ચૂંટણી લડનાર છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને કોઈ પણ રીતે પછડાટ આપવા માટે આ વિપક્ષે ગઠબંધનની રચના કરીને મેદાનમાં ઉતરી જવાનો નિર્ણય કર્યો છે. મહાગઠબંધનના ચારેય પક્ષો વચ્ચે વ્યાપક સહમતી થયા બાદ કોની પાસે કઈ સીટ રહેશે તેની સંભવિત યાદી જારી કરવામાં આવી ચુકી છે. ધારણા પ્રમાણે જ બહુજન સમાજવાદી પાર્ટીને સૌથી વધારે સીટો મળી છે. ઉત્તરપ્રદેશની કુલ ૮૦ સી પૈકી સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીને સૌથી વધારે ફાયદો થઈ રહ્યો છે. આ બન્ને પાર્ટીના ખાતામાં ૬૦ ટકા કરતા વધારે સીટો આવી ગઈ છે. બાકીની સીટ પર કોંગ્રેસ અને આરએલડીને મળશે. જો કે રીતે સીટોની વહેંચણી કરવામાં આવી છે તેને લઈને રાજકીય પંડિતો પહેલાથી જ ગણતરી કરી રહ્યા હતા. એક બાબત તો નક્કી થઈ ગઈ છે કે ભાજપને હાર આપવાના એક માત્ર ઈરાદા સાથે ચારે પક્ષો સાથે મળીને જ ચૂંટણી લડનાર છે. આ પક્ષો તેમની કેટલીક મહત્વકાંક્ષાને છોડી દેવા માટે પણ તૈયાર થયેલા છે. જો કે બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી સાફ શબ્દોમાં કહી ચુક્યા છે કે સન્માનજનક સીટો મળશે તો જ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં સાથે મળીને ચૂંટણી લડવામાં આવશે. જાણકાર લોકો માની રહ્યા છે કે આ ત્રણેય રાજ્યોમાં પણ ચૂંટણી પહેલા ગઠબંધન થશે તો કર્ણાટક કરતા વધારે સારી સ્થિતીમાં ગઠબંધન રહી શકે છે.

## ન્યુઝ ટ્રેક

**લોકકલાઓના રંગે રંગાશે વીઆઈપી ટ્રેન**

લોક સંસ્કૃતિ અને કલાને ઉત્તેજન આપવા રેલ મંત્રાલય એક અનોખી પહેલ કરવા જઈ રહ્યું છે. હવે વીઆઈપી ટ્રેનોને પોતાના રાજયની લોકલાઓના રંગોમાં રંગવામાં આવશે. પટણા રાજધાની એકસપ્રેસથી તેની શરૂઆત કરાશે.

**યુપી રાજભવન પાસે લૂંટ-હત્યા**

ઉત્તરપ્રદેશના સૌથી સુરક્ષિત વિસ્તાર રાજભવન પાસે કેટલાક લૂંટારુઓએ ધોળા દિવસે એક બેંકની કેશવાન લુંટી લીધી હતી અને ગનમેનની હત્યા કરી દીધી છે. અતિ સુરક્ષિત વિસ્તારમાં બનેલી આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નો ઉભા કર્યા છે.

**દિલ્હીમાં ફરી ટ્રેન સેવા શરુ**

યમુના નદીનું જળ સ્તર ભયજનક સ્થિતિની ઉપર પહોંચતા રેલવેએ કેટલીક ટ્રેનો રદ કરી દીધી હતી અને કેટલીક ટ્રેનોના રૂટ બદલાયા હતા. જો કે જળસ્તર ઘટતા ફરીથી ટ્રેન સેવા શરુ કરી દેવાઈ છે.

**લખનઉમાં મંત્રી નિવાસમાં પાણી ભરાયું**

ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉ અને આસપાસના વિસ્તારોમાં જોરદાર વરસાદ થતાં વિધાનસભા અને મંત્રી નિવાસ વિસ્તારમાં પાણી ભરાયા છે. માર્ગો પર ખુબ નુકશાન થયું છે.

**મરાઠા આંદોલન ફરી ભડક્યું**

મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણ આંદોલન ફરી ભડકયું છે. હિંસક પ્રદર્શનો બાદ પૂણેમાં ૧૪૪ની કલમ લાગુ કરી દેવાઈ છે.

**રસ્તા પર વેચાતી લોકલ કવોલિટીની હેલ્મેટ પર પ્રતિબંધ મુકાશે**

બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ તાજેતરમાં ભારત માટે નવા સ્ટાન્ડર્ડ નિયમોવાળી હેલ્મેટ લાવવાની જાહેરાત કરી છે. સાથે રસ્તા પર વેચાતી લોકલ કવોલિટીની હેલ્મેટ પર પ્રતિબંધ મુકાશે.

# દિલ્હીમાં યમુનામાં પાણીની સપાટી ખતરા સ્તરથી ઉપર

**બિહાર, દિલ્હી, ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ જારી : પાણીની સપાટી ભયજનક સ્તરથી પર જતાં ૨૭થી વધારે ટ્રેનો રદ કરાઈ : તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલાઓ**

નવી દિલ્હી,તા. ૩૦

ઉત્તરપ્રદેશથી લઈને બિહાર સુધી છેલ્લા કેટલાક દિવસથી જારી ભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. એકલા ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ અને આંધી તોફાનથી હજુ સુધી ૭૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. બીજી બાજુ કેટલાક રાજ્યોમાં પુરની સ્થિતિ પણ સર્જાઈ ગઈ છે જેના લીદે ભારે તબાહી થઈ છે. દેશના પાંચ રાજ્યોમાં ભારે વરસાદ અને પુરના લીધે હજુ સુધી ૪૭૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. માર્ગો તળાવમાં ફેરવાઈ ચુક્યા છે. મોટી કાર હોડીઓની જેમ પાણીમાં તરી રહી છે. ઓફિસો અને હોસ્પિટલોમાં પણ પાણી ભરાઈ ગયા છે. પટણાના



નાલંદા મેડિકલ કોલેજમાં આઈસીયુ સુધી પાણી ભરાઈ ગયા છે. દર્દીઓને હોસ્પિટલમાં મુકીને સ્ટાફના લોકો ફરાર થઈ ગયા છે. કલાકો સુધી આઈસીયુમાંથી પાણી બહાર કાઢવામાં આવી રહ્યા છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં પઆ આવી જ સ્થિતિ બનેલી છે. લખનૌના ગોલાગંજમાં પાંચ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા છે. મોઈલીગંજ, વજીરગંજ, ગોલાગંજ, ખીરબેંક સહિતના વિસ્તારોમાં ત્રણથી ચાર ફુટ સુધી પાણી ભરાઈ ગયા છે. કાનપુરમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે.

બિહાર અને ઉત્તરપ્રદેશ ઉપરાંત દિલ્હીમાં જનજીવન પહેલાથી જ ખોરવાયેલું છે. દિલ્હી, બિહાર, ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. હિમાચલ અને મધ્યપ્રદેશમાં પણ હાલમાં વરસાદ થઈ રહ્યો છે. તમામ રાજ્યોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ ટુકડી લાગેલી છે.

## એસબીઆઈ દ્વારા ચોક્કસ અવધિના એફડી પર વ્યાજદરોમાં વધારો કરાયો

નવીદિલ્હી,તા. ૩૦

દેશની સૌથી મોટી બેંક એસબીઆઈએ આજે ચોક્કસ અવધિ માટે ફિક્સ્ડ ડિપોઝિટ અથવા તો જમા રકમ ઉપર વ્યાજદરોમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. વ્યાજદરો પાંચથી ૧૦ બેઝિક પોઈન્ટ અથવા તો ૦.૦૫ ટકાથી ૦.૧ ટકા સુધી વધારવામાં આવ્યા છે. નવા દરો ૩૦મી જુલાઈ એટલે કે તરત જ અમલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એસબીઆઈ પોતાની વેબસાઈટ ઉપર આ અંગેની માહિતી આપી દીધી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, તે એકથી બે વર્ષની એફડી પર હવે ૬.૭૦ ટકાના દરે વ્યાજ આપશે જે હાલમાં ૬.૬૫ ટકા છે. જ્યારે બેથી ત્રણ વર્ષની જમા રકમ ઉપર વ્યાજદર ૬.૬૫ ટકાથી વધારીને ૬.૭૫ ટકા કરવામાં આવ્યો છે. સિનિયર સિટિઝનો માટે એકથી બે વર્ષની જમા રકમ ઉપર ૭.૧૫ ટકાના બદલે ૭.૨૦ ટકા અને બેથી ત્રણ વર્ષની

● અનુસંધાન પાન-૭ પર

## આરબીઆઈ વ્યાજદરમાં ૦.૨૫ ટકાના વધારાની સંભાવના

**પોલિસી બેઠકનો નિર્ણય આવતીકાલે જાહેર થશે**

મુંબઈ,તા.૩૦

રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયાની બે દિવસીય નાણાકીય નીતિ સમીક્ષા બેઠક આજથી શરૂ થઈ રહી છે. આરબીઆઇ પોલિસી બેઠકનો નિર્ણય ૧ ઓગસ્ટે જાહેર કરશે, જોકે નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે આરબીઆઇ આગામી બેઠકમાં ૦.૨૫ ટકા સુધી વ્યાજદરમાં વધારો કરવા સંબંધી નિર્ણય જાહેર કરી શકે છે.

આરબીઆઇ ફુગાવાનું કારણ આગળ ધરી બે મહિનામાં બીજી વખત વ્યાજદરમાં વધારો કરી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ઊંચા ભાવ છે અને તેના કારણે ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવાની નીતિ અપનાવી છે.

એ જ પ્રમાણે સરકારે વિવિધ એગ્રિકલ્ચર ચીજવસ્તુઓના લઘુતમ ટેકાના ભાવ-એમએસપીમાં વધારો કર્યો છે તથા સરકારી કર્મચારીઓના ઊંચા પગાર-ભથ્થાં સહિતની બાબતોના કારણે ફુગાવામાં વધારો થઈ રહ્યો છે. આરબીઆઇ ફુગાવા સામેના જોખમને સતત 'ઈન્ડિકેટ' કરી રહી છે, જેના પગલે આરબીઆઇ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા છે.


ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે.કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


